સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત આધાર નોંધાણીની કામગીરી માટે જિલ્લા અને ઘટક કક્ષાએ કન્સલટન્ટની સેવા આઉટસોર્સથી મેળવવા માટે વહીવટી મંજુરી

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૨૦/૪૬૨/બ૧
સચિવાલય, ગાંધીનગર
તા૦૯૦૭-૨૦૨૦

સંદર્ભઃ-

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૯/૦૮/૨૦૧૯ અને તા.૧૯/૧૧/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૯/૨૧૫/બ

(૨) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૦૨/૦૩/૨૦૨૦નો પત્ર ક્રમાંકઃ આઇસીડીએસ/યોજના/આધાર/આધારકન્સલટન્ટ/ઓપરેટર/એક્ષ્ટેંસન/૧૩૪૯૨૦/દરખાસ્ત/૨૦

ઠરાવઃ-

વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના ઠરાવથી મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત આધાર નોંધાણીની કામગીરી માટે રાજ્ય, જિલ્લા અને ઘટક કક્ષાએ આધાર કન્સલટન્ટ અને આધાર ડેટા ઓપરેટરની સેવા આઉટસોર્સીંગથી મેળવવા માટે વર્ષ ૨૦૧૯-૨૦ નવી બાબત તરીકે વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક(૨)થી આધાર નોંધાણીની કામગીરી માટે, જિલ્લા અને ઘટક કક્ષાએ કનસલટન્ટની સેવા આઉટસોર્સીંગથી મેળવવા માટે તા.૩૧/૦૩/૨૦૨૧ સુધી મંજુરી મેળવવા દરખાસ્ત રજુ કરેલ હતી.

સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત આધાર નોંધાણીની કામગીરી માટે નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧માં જિલ્લા અને ઘટક કક્ષાએ કન્સલટન્ટની સેવા ૧૧ માસના કરારના ધોરણે સરકાર માન્ય એજન્સી દ્વારા આઉટસોર્સીંગથી મેળવવા માટે નીચેની વિગતે વહિવટી મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.

અ. જીલ્લા કક્ષાએથી ભરવાના ડિસ્ટ્રિક્ટ કન્સલટન્ટ

| હોદ્દો | જીલ્લા દીઠ જગ્યાની સંખ્યા | કુલ જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ડિસ્ટ્રિક્ટ કન્સલટન્ટ | 1 | 33 |

બ. ઘટકકક્ષાએ ECMP કિટ ઉપર આધાર નોંધણી માટે ઓપરેટર/ડેટા એન્ટ્રી ઓપરેટર

| હોદ્દો | કુલ જગ્યાની સંખ્યા |
|---|---|
| આધાર નોંધણી ઓપરેટર/ડેટા એન્ટ્રી ઓપરેટર | 777 |

શરતો:

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૭) આ મંજુર જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૮) નાણા વિભાગ દ્વારા જે શરતોએ મંજુરી આપવામાં આવેલ હોય તેમાં કોઇપણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજુરી વિના ફેરફાર કરી શકાશે નહી.

(૯) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી નં. :- ૧૦૬

મુખ્ય સદર :- ૨૨૩૬-પોષણ

પેટા મુખ્ય સદર :- ૦૨ પોષણ, ખાદ્ય અને પીણાની વહેંચણી

ગૌણ સદર :- ૮૦૦ અન્ય ખર્ચ.

પેટા સદર:- ૦૧- એન.ટી.અર-૧૮ સંકલિત બાળ વિકાસ યોજના

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા૨૬/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનીષા પટેલ)
ઉપસચિવ
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ

1. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી,સચિવાલય, ગાંધીનગર
2. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
3. માન.રા.ક.મંત્રીશ્રી,મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ,સચિવાલય,ગાંધીનગર
4. અધિક મુખ્ય સચિવશ્રી,નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
5. સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
6. સચિવશ્રી "આયોજન"ના અંગત મદદનીશશ્રી,સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
7. કમિશ્નરશ્રી મહિલા અને બાળવિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
8. નિયામકશ્રી(આઇસીડીએસ),કમિશ્નરશ્રી મહિલા અને બાળવિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
9. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લાપંચાયતની કચેરી,જિ. .............
10. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,મ્યુનિસિપલ કોર્પોરેશન,જિ. .............
11. સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રી, (અમદાવદ,વડોદરા,સુરત,રાજકોટ)
12. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) જિલ્લા પંચાયતની કચેરી,જિ. ............
13. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) મ્યુનિસિપલ કોર્પોરેશન,મ્યુ.કો. .............
14. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય,ગાંધીનગર
15. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
16. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
17. નિવાસી ઓડિટ અધિકરીશ્રીની કચેરી, ગાંધીનગર
18. સર્વે તિજોરી અધિકારીશ્રી, તિજોરી અધિકારીશ્રીની કચેરી, જિ. .............

19. સિસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર-વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.

20.શાખા સિલેક્ટફાઇલ